# સીટી ઓફ બ્રેમ્પટનનો સ્ટ્રીટ સ્વીપિંગ પ્રોગ્રામ શરૂ થાય છે

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (માર્ચ 31, 2021) – આ અઠવાડિયાથી શરૂ કરીને, સીટી ઓફ બ્રેમ્પટન આવાસીય માર્ગો પર પોતાનો 2021 સ્ટ્રીટ સ્વીપિંગ પ્રોગ્રામ શરૂ કરશે. બીજા બધાં વિસ્તારોમાં સફાઇ કામગીરી મંગળવાર, એપ્રિલ 6 નાં રોજ શરૂ થશે.

સ્ટ્રીટ્સ અને સીવર્સને સાફ રાખવા વસંતઋતુ દરમિયાન સીટીના માર્ગો પરથી રેતી અને કચરો વાળીને હટાવી લેવામાં આવે છે. આનાથી વરસાદી ગટરોમાં કચરો ભરાતો અટકે છે અને ડ્રાઈવર્સ અને વટેમાર્ગુઓને રસ્તાઓ સુરક્ષિત અને સાફ મળે છે.

સ્પ્રિંગ સ્વીપિંગ પ્રોગ્રામમાં નીચેની બાબતો સામેલ છે:

- સીટીની માલિકીના બ્રિજીસ, કેચ બેસિન્સ (કૂંડીઓ) અને ગટરો સહિત, રસ્તા પર ડામરનું આવરણ ચઢાવેલા બધાં રસ્તાઓ
- સખત સપાટીવાળા બુલેવાર્ડ્સ અને મીડિયન્સ
- શિયાળા દરમિયાન સીટી દ્વારા પાવડાથી સાફ કરાતા સાઇડવૉક્સ (ફૂટપાથ) અને વૉકવેઝ
- સીટી ઓફ બ્રેમ્પટનના રિક્રિએશન સેન્ટર્સ અને સીટીની અન્ય સગવડોમાં પાર્કિંગ લૉટ્સ
- કર્બ્સ વગરના ગ્રામ્ય રસ્તાઓને જરૂરિયાત મુજબ ધોવામાં અને/અથવા વાળીને સાફ કરવામાં આવે છે
- સાઇડવૉકની સફાઇ
- સોલ્ટ બોક્સીસ અને બરફની વાડ કાઢી નાખવી
- પાવર વૉશિંગ બુલેવાર્ડ્સ
- સોડ રિપેર (જમીનની સપાટીનું સમારકામ)
- સીટીના પાર્ક્સ ડિપાર્ટમેન્ટ સાથેની ભાગીદારીમાં ગંદવાડો ઉપાડવો

સ્પ્રિંગ સ્વીપ પ્રોગ્રામ દરમિયાન, રહેવાસીઓને નીચેની બાબતો યાદ અપાવવામાં આવે છે:

- સોમવારથી શુક્રવાર, સવારે 7 થી બપોરે 4 વાગ્યા સુધી આવાસીય માર્ગો પર વાહનો પાર્ક કરવા નહીં
- ડ્રાઇવવેઝ પર પાર્ક કરેલા વાહનો સ્ટ્રીટ પર ઝૂમી ન રહ્યાં (હેંગ ઓવર ના) હોવાની ખાતરી કરો
- કચરો લેવાના દિવસોએ કચરાના પાત્રો અને રિસાઇકલિંગ બોક્સીસને રસ્તાથી દૂર રાખો
- બાસ્કેટ બૉલ અને હોકી નેટ્સને રસ્તા પર ન રાખો અને કર્બથી પૂરતી પાછળ રાખો
- સમજદાર બનો. સ્ટ્રીટ સફાઇ કામગીરી થઇ રહી હોય ત્યારે, ઘોંઘાટ થવાની અને ધૂળ ઉડવાની શક્યતા રહે છે
- ઠંડુ અને વરસાદી હવામાન સ્ટ્રીટ સ્વીપર્સને કામ કરતા રોકતું હોવાને લીધે ધીરજ રાખશો. આ કાર્યક્રમ ચાલુ રહે તે માટે ઉષ્ણતામાન સતતપણે શૂન્યથી ઉપર રહે તે જરૂરી છે

સ્પ્રિંગ સ્વીપ પ્રોગ્રામ અને તમારા પાડોશમાં શું થઇ રહ્યું છે તે વિશે વધુ માહિતી જાણવા અહીં ક્લિક કરો.

-30-

**મિડિયા સંપર્ક :**

મોનિકા દુગ્ગલ (Monika Duggal)

કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ

વ્યૂહાત્મક સંવાદ

સીટી ઓફ બ્રેમ્પટન

905-874-3426 | Monika.Duggal@brampton.ca